# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા મગ અને અડદ પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટિ, દેવગઢ બારીયા દ્વારા તારીખ ૨૫/૦૪/૨૦૨૩ ના રોજ ગામ **બારા અને ઝેરજીતગઢ તા- લીમખેડા** ખાતે **મગ અને અડદ પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ** વિષય ઉપર બે ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયા. આ બન્ને ગામોમાં તાલીમની શરૂઆતમાં **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ મગ અને અડદ પાકની ખેતી પધ્ધતિ, મુખ્ય રોગ અને જીવાત નિયંત્રણ, સુધારેલ બિયારણ, પ્રાકૃતિક ખેતીનાં વિવિધ આયામો તેમજ પ્રાકૃતિક ખાતર વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત નવીન તજજ્ઞાતા વિષે પણ ખેડૂતો ને માહિતગાર કરવાંમાં આવ્યા. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જે થકી બન્ને ગામોનાં કુલ ૬૧ (૩૬ ભાઈઓ અને ૨૫ મહિલા) ખેડૂતોએ ભાગ લીધેલ.


ઝેરજીતગઢ તા- લીમખેડા


બારા તા- લીમખેડા